# અરવલ્લીમાં વધુ પાંચ કોરોના પોઝેટીવ કેસ સાથે જિલ્લાનો કુલ આંક ૨૯૫

મોડાસા, તા. ૨૦

અરવલ્લીમાં સોમવારના રોજ વધુ ૫ કેસ નોંધાતા જિલ્લામાં કોરોનાનો કુલ આંક ૨૯૫ પર પહોંચ્યો છે. અરવલ્લી જિલ્લા સહિત મોડાસામાં કોરોનાએ ભરડો લીધો હોય તેમ મોડાસા શહેરમાં અને જિલ્લામાં કોરોનાના કેસોમાં વધારો થતો જોવા મળી રહ્યો છે.

અરવલ્લી જિલ્લા તેમજ મોડાસા શહેરમાં લોકલ સંક્રમણનો ભરડો વ્યાપક બન્યો છે. કોરોનાનો કહેર દિવસેને દિવસે ખૂબ જ વધી રહ્યો છે. ત્યારે અરવલ્લી જિલ્લામાં અત્યાર સુધીના કુલ કેસ ૨૯૫ નોંધાતાં સમગ્ર જિલ્લામાં ભયનો માહોલ છવાયો છે. સોમવારના રોજ મોડાસાની સુકુનપાર્ક સોસાયટીમાં રહેતી ૪૦ વર્ષીય મહિલા, બાયડ તાલુકાના આંબલીયારા ગામમાં વધુ બે કેસ કોરોના પોઝેટીવ નોંધાયા હતા જેમાં બે વૃદ્ધ કોરોનાથી સંક્રમિત બન્યા છે, મેઘરજ જૂના મસ્જિદ વિસ્તારમાં રહેતા ૭૦ વર્ષીય વૃદ્ધા અને માલપુરના ભાટિયાવાસમાં રહેતા ૭૦ વર્ષીય વૃદ્ધનો કોરોના પોઝીટીવ રીપોર્ટ આવ્યો હતો. જો કે અરવલ્લીના બજારોમાં જોઈએ તો બેખૌફ થઈને લોકો માસ્ક વગર કે સોશીયલ ડિસ્ટન્સ રાખ્યા વગર જોવા મળી રહ્યા છે. બીજી બાજુ મોડાસા શહેરને કોરોના વાઈરસે બાનમાં લીધું છે.

## બાયડ તાલુકાના આંબલીયારા ગામે કોરોનાના બે કેસ : કુલ આંક ૨૬

બાયડ, તા. ૨૦


બાયડ તાલુકાના ગામે કોરોનાના બે કેસ આવતા ગામમાં ભયનો માહોલ ઉભો થયો હતો. આંબલીયારા ગામે પટેલ વાસ તથા દરબારગઢ વિસ્તારમાં બંને પુરુષોને કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા આરોગ્ય વિભાગ દ્વારા તપાસો શરૂ કરવામાં આવી હતી. પંચાયત દ્વારા પણ ગામમાં સેનેટાઈઝર કરવામાં આવ્યું હતું અગાઉ પણ આંબલીયારા ગામે કોનાના કેસો સામે આવ્યા હતા. તાલુકામાં કોરોના વાયરસના કેસ સતત વધતા આરોગ્ય વિભાગ પણ હરકતમાં આવી તપાસ શરૂ કરી હતી.

## ભાજપના અગ્રણીઓની ચુપકીદી..!!

## અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ સિવિલ હોસ્પિટલની માંગ પર અડગ, મુખ્યમંત્રીને પત્રો લખ્યા...

કોરોનાની મહામારીમાં અરવલ્લી જીલ્લામાં સીવીલ હોસ્પિટલના અભાવે કોરોનાગ્રસ્ત દર્દીઓને ઓક્સીજનની ઉણપ જણાતા હિંમતનગર સીવીલ હોસ્પિટલ ખાતે ધકેલી દેવામાં આવે છે. જીલ્લામાં સિવિલ હોસ્પિટલના અભાવે આરોગ્યલક્ષી સેવાઓ માટે લોકો દરદર ભટકી રહ્યા છે, અરવલ્લી જીલ્લાને સાબરકાંઠા જિલ્લામાંથી અલગ થયે જીલ્લાના લોકો આરોગ્યલક્ષી સેવાઓથી વંચિત રહેવાનો વારો આવ્યો છે.

અરવલ્લી જીલ્લા કોંગ્રેસ સમિતિ અને ત્રણે ધારાસભ્યો જીલ્લામાં લોકોની તાતી જરૂરિયાત એવી સિવિલ હોસ્પિટાલની માંગને લઈને સરકાર અને તંત્ર સામે લડી લેવાના મુડમાં હોય તેમ સતત વિરોધ પ્રદર્શન, પોસ્ટર વોર, આવેદનપત્ર અને મુખ્યમંત્રીને પત્ર લખી



૭ વર્ષ જેટલો સમય થવા આવ્યો છતાં સિવિલ હોસ્પિટલનું નિર્માણ ટલ્લે ચઢતાં લોકોમાં આક્રોશ પ્રવર્તી રહ્યો છે. કોંગ્રેસના શાસનમાં ડીઝલ-પેટ્રોલ અને રાંધણ ગેસનો ભાવમાં ૨ કે ૫ રૂપિયાનો વધારો નોંધાય કે પછી મોંઘવારી મુદ્દે રોડ પર ઉતરી આવતા ભાજપના પદાધિકારીઓએ જીલ્લાના ૧૧ લાખ લોકોના પ્રાણ પ્રશ્ન એવા સીવીલ હોસ્પિટલના ઝડપથી નિર્માણ કાર્ય થાય તે અંગે ભાજપના પદાધિકારીઓએ ચુપકીદી સેવી લેતા ભાજપના પદાધિકારીઓ સામે ભારે છૂપો રોષ જોવા મળી રહ્યો છે.

ભાજપના પદાધિકારીઓનું મૌન અને રાજ્ય સરકારની ઢીલી નીતિના પગલે આગામી સમયમાં યોજાનાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં પરાજયનો સ્વાદ ચાખવો પડે તો નવાઈ નહિ..! ભાજપના એક અગ્રણી કાર્યકરે નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સિવિલ નિર્માણનો જશ ખાટી ન જાય તે માટે સિવિલ હોસ્પિટલનું નિર્માણ ખોરંભે ચઢાવ્યું હોઈ શકે છે હાલ તો ભાજપ કોંગ્રેસના રાજકારણમાં સિવિલ હોસ્પિટલનું નિર્માણ ઝડપથી કરવામાં આવેની માંગ કરી રહ્યા છે. ત્યારે વધુ એકવાર જીલ્લા કોંગ્રેસ સમિતિ પ્રમુખ, જીલ્લા પંચાયત પ્રમુખ, ત્રણે ધારાસભ્યોએ મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર લખી સીવીલ હોસ્પિટલનું ઝડપથી નિર્માણ કરવામાં આવેની માંગ કરી હતી. જીલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરની મુલાકાત કરી સિવિલ હોસ્પિટલ નિર્માણ કાર્ય કેટલે પહોંચ્યુંની ચર્ચા કરી હતી. જીલ્લા કોંગ્રેસ સમિતિએ આગામી ગુરુવાર સુધી કોઈ યોગ્ય જવાબ સરકાર કે વહીવટીતંત્ર પાસેથી નહિ મળે તો જીલ્લા મથકે અને તાલુકા મથકે કોંગ્રેસ પ્રતીક ઉપવાસ પર ઉતરવાની ચીમકી ઉચ્ચારી હતી.

કોંગ્રેસના ધારાસભ્ય અનીલ જોષીયારાએ સરકાર પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે રાજ્યમાં જેની સરકાર હોય એના માટે ભાજપ-કોંગ્રેસ એવું કઈ ના હોય પરંતુ રાજ્ય સરકાર ભાજપના ધારાસભ્યના મત વિસ્તારમાં ઝડપથી વિકાસના કામો થઈ જાય છે. કોંગ્રેસના ધારાસભ્યો વિકાસના કામ માટે સરકારમાં વારંવાર રજુઆત કરવા છતાં કામગીરી થતી નથી.

## અરવલ્લી એલસીબી પોલીસે હોટલ આગળ પાર્ક કરેલ ટ્રકમાંથી ૧.૮૦ લાખના દારૂ સાથે બેને દબોચ્યા

### શામળાજી પોલીસે ટ્રકમાંથી ૩.૩૬ લાખનો દારૂ ઝડપ્યો

અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી



બુટલેગરો મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ઘુસાડવા મરણિયા બન્યા છે. બુટલેગરો નિતનવા નુસખા અપનાવી રહ્યા છે, હાલ તો અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર બુટલેગરોના કીમિયો નિષ્ફળ બનાવી રહી હોય તેમ રોજબેરોજ નાના-મોટા વાહનોમાંથી વિદેશી દારૂ સાથે બુટલેગરોને દબોચી લેતા બુટલેગરોમાં પણ ફફડાટ ફેલાયો છે. અરવલ્લી જીલ્લા એલસીબી પોલીસે જીવણપુર નજીક આવેલી વિશ્રામ હોટલ આગળ પાર્ક કરેલી ટ્રકમાંથી ૧.૮૦ લાખના દારૂના જથ્થા સાથે બે શખ્સોને ઝડપી પાડ્યા હતા. શામળાજી પોલીસે એસજી વિદ્યાલય પાસેથી પસાર થતી ટ્રકમાંથી ૩.૩૬ લાખનો વિદેશી દારૂ સાથે બે શખ્સોની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.

અરવલ્લી એલસીબી પીઆઈ આર.કે. પરમારે અને તેમની ટીમે જીલ્લામાં વિદેશી દારૂની હેરાફેરી અને વેપલા અટકાવવા જીલ્લામાં સઘન પેટ્રોલિંગ દરમિયાન જીવણપુર સ્ટેન્ડ સામે આવેલી હોટલ આગળ પાર્ક કરેલી આયશર ટ્રકમાં વિદેશી દારૂનો જથ્થો હોવાની બાતમી મળતા તાબડતોડ પહોંચી હોટલ આગળ પાર્ક કરેલી આયશર ટ્રકમાં તલાસી લેતા ટ્રકમાં આટાની બેગના જથ્થાની આડમાં સંતાડેલ વિદેશી દારૂની બોટલ નંગ-૩૬૦ કીં. રૂ.૧૮૦૦૦૦ મળી આવતા ટ્રક ચાલક કમલેશ પરવેશ્વરલાલ ગુર્જર તથા ક્લીનર સુભાષ રક્ષપાલસિંહ ગુર્જર (બંને રહે. પુરોહિતની ધાણી-નવલગેટ, રાજસ્થાન)ને દબોચી લઈ આટાની બેગ, આયશર ટ્રક, મોબાઈલ મળી કુલ રૂ. ૮૬૭૫૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી બંને શખ્સો સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

શામળાજી પીએસઆઈ અનંત દેસાઈ અને પોલીસ સ્ટાફે રાજસ્થાન તરફથી આવતાં વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરાતા અને હાઈવે પર પેટ્રોલિંગ કરતા એસજી વિદ્યાલય પાસેથી શંકાસ્પદ હાલતમાં રાજસ્થાન તરફથી આવતા ટ્રકને અટકાવી તલાસી લેતા પાવડરના કટ્ટાની પાછળથી વિદેશી દારૂની બોટલ-૮૭૬ તથા ક્વાંટરીયા નંગ-૨૪૫ મળી કુલ રૂ.૩૩૬૪૮૦ ના જથ્થા સાથે સુરેશલાલ ભેરુલાલ ગુર્જર અને રમેશલાલ નાથુજી ગુર્જરને ઝડપી પાડી ટ્રક અને મોબાઈલ મળી કુલ રૂ.૧૦૩૮૯૮૦નો મુદ્દામાલ જપ્ત કરી બંને આરોપીઓને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.

## ખેડબ્રહ્મા શ્રીજી બંગ્લોઝના રહીશો સાથે બિલ્ડરે છેતરપીંડી કરી હોવાનો આક્ષેપ

ખેડબ્રહ્મા, તા. ૨૦

ખેડબ્રહ્મા શહેરમા ઘણી જગ્યાએ ડેવલોપમેન્ટનુ કામ પુર ઝડપમા ચાલે છે જેમા નવા મકાનોની સ્કીમ ચાલુ છે એમા ખેડબ્રહ્મા શહેરના વાસણા રોડ પર શ્રીજી બંગ્લોઝ નામની સોસાયટીનુ



શુભારંભ ૨૦૧૬ માં કરવામા આવ્યુ હતુ અને વિસનગરના ગણેશ ડેવલોપર્સ અને બાલાજી ડેવલોપર્સ કનુભાઈ પ્રજાપતીએ આ બીલ્ડીંગ બનાવવાનું કામ ચાલુ કરેલ હતુ. ખુબજ મંદગતીએ થતુ કામ ૨૦૨૦ માં પણ પુરૂ કરેલ નથી જોકે ચાલુ વર્ષમા પણ ૨૦ થી ૨૫ જેટલા મકાનો તો ખુલી ગયા છે, પણ પ્રાથમિક સુવિધાના નામે શુન્ય છે. પાણી, બ્લોક, બગીચો, ગેટ તથા ગટરની કોઈ વ્યવસ્થા ના હોવાથી રહીશો છેલ્લા એક વર્ષથી આજીજી કરી રહ્યા છે પણ બિલ્ડરોના પેટનુ પાણી પણ હલતું નથી.

જો હવે આવનાર દિવસોમાં આનો નિકાલ નહી આવે તો રહીશો ધ્વારા કાયદેસરની કાર્યવાહી કરવા તૈયાર થયા છે.

## મોડાસામાં બે સ્થળેથી રહસ્યમય રીતે મળી આવેલ પાંચ બાળકો સીમલવાડાના હોવાનું ખુલ્યું

### ટાઉન પોલીસે બાળકોનું માતા-પિતા સાથે મિલન કરાવ્યું

મોડાસા, તા. ૨૦

મોડાસા શહેરના બાજકોટ ચાર રસ્તા અને હજીરા વિસ્તાર એમ બે જુદી જુદી જગ્યાએથી



શનિવારે રાત્રી દરમિયાન રહસ્યમય રીતે નિરાધાર હાલતમાં ૧ સગીર અને ૪ બાળકો મળી આવ્યા હતા. બાજકોટ ચાર રસ્તા ઉપર ફરતા આ બાળકો અંગે નજીકના એક ચાની કીટલીવાળા દ્વારા ટાઉન પોલીસ અને મોડાસાની પરખ સંસ્થાના ચાઈલ્ડ હેલ્પલાઈન સેન્ટરને જાણ કરવામાં આવી હતી. મોડાસા ટાઉન પોલીસ અને પારેખ સંસ્થાના સદસ્યો પહોંચે તે પહેલા બાળકો સાથે રહેલ સગીર છટકી ગયો હતો. પોલીસે આ સગીરની શોધખોળ હાથ ધરી હતી. સગીર યુવકને પણ શોધી કાઢી સગીર અને ૪ બાળકોને ચાઈલ્ડ સેન્ટર ખાતે લઈ જઈ તેમની સાર સંભાળ કરવામાં આવી હતી અને સખી વન સ્ટોપ ખાતે રાખ્યા હતા. સંસ્થાના સદસ્યો અને પોલીસે બાળકો સાથે આત્મીયતા કેળવી પૂછપરછ કરતાં રાજસ્થાનના સિમલાવાડાના હોવાનું જણાવ્યું હતું.

રાજસ્થાનના સીમલવાડાથી શનિવારે રાત્રે મોડાસા પહોંચેલા ૫ બાળકોમાં ત્રણ સગા-ભાઈ બહેન અને બે મામા-ફોઈના થતા હતા. ૫ બાળકો કામ મળે તે માટે મોડાસા પહોંચ્યા હોવાનું જણાવતા પોલીસે હાશકારો અનુભવ્યો હતો. મોડાસા ટાઉન પોલીસે સગીર અને ચારેય બાળકોના માતા-પિતાનું નામ ઠામ જાણી સંપર્ક કરતા ૫ બાળકોના વાલી-વારસો મોડાસા દોડી આવ્યા હતા અને બાળકો સાથે સુખદ મીલન થતા આંખો ભીની થઈ હતી અને બાળકોને ઘરે પહોંચાડવા ટાઉન પોલીસે મદદ પણ કરી માનવતાના દર્શન કરાવ્યા હતા.

## ડીસાના સાવિયાણા ગામે જુગાર રમતાં એક ઝડપાયો : ત્રણ ફરાર

ડીસા, તા. ૨૦

ડીસા તાલુકા પોલીસે સાવિયાણા ગામે જાહેરમાં જુગાર રમતાં એક શખ્સને ઝડપી પાડ્યો હતો. જયારે ત્રણ શખ્સો પોલીસને જોઈ ફરાર થઈ ગયા હતા.

ડીસા તાલુકાના સાવિયાણા ગામના અશોકજી જોગજી ઠાકોર પોતાના ઘરે જાહેરમાં તીનપત્તીનો જુગાર રમાતો હોવાની બાતમી ડીસા તાલુકા પોલીસને મળી હતી. આથી પોલીસે શનિવારે મોડી રાત્રે અચાનક જ અશોકજી ઠાકોરના ઘરે તપાસ કરતાં ખુલ્લી જગ્યામાં કેટલાંક ઈસમો ગોળકુંડાળુ વાળી જુગાર રમતાં હતાં. જો કે અચાનક જ પોલીસ આવી જતાં વિક્રમજી જગમાલજી ઠાકોર (રહે, નવા, તા. ડીસા) પોલીસને હાથે રંગેહાથ ઝડપાઈ ગયા હતા. જયારે અશોકજી જોગજી ઠાકોર, ભરતજી જોગજી ઠાકોર (બન્ને રહે, સાવિયાણા, તા. ડીસા) અને વિષ્ણુજી ઉર્ફે કોલી અનારજી ઠાકોર (રહે, નવા, તા. ડીસા) પોલીસને જોઈ અંધકારનો લાભ લઈ નાસી છુટ્યા હતા. આ અંગે ડીસા તાલુકા પોલીસે જુગાર રમવાનું સાહિત્ય, મોબાઈલ તેમજ રોકડ મળી કુલ રૂપિયા ૪૯૭૦ ના મુદ્દામાલ જપ્ત કરી ચાર શખ્સો સામે જુગાર ધારા મુજબ ગુનો નોંધી વધુ તપાસ હે.કો. કમલેશકુમાર બારોટ ચલાવી રહ્યા છે.

## પ્રાંતિજ પાલિકામાં એકલવ્ય ફાઉન્ડેશન તથા મહિલા કોર્પોરેટર દ્વારા ટેમ્પરેચર ગન આપી

પ્રાંતિજ, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નગરપાલિકાના પ્રાંતિજ એકલવ્ય ફાઉન્ડેશન તથા નગરપાલિકાના મહિલા કોર્પોરેટર મહિલા કોર્પોરેટર દિપ્તીબેન બ્રહ્મભટ્ટ દ્વારા પ્રાંતિજ નગરપાલિકાના સફાઈ કામદારોની ચિંતા કરી આજે નગરપાલિકા ખાતે જઈને પ્રાંતિજ નગરપાલિકાના ચીફ ઓફિસર



દ્વારા હાલ કોરોનાની મહામારીને લઈને આરોગ્યલક્ષી સેવા આપતા સફાઈ કામદારોની ચિંતા કરી ટેમ્પરેચર ગન પાલિકાના આરોગ્ય વિભાગમાં આપવામાં આવી હતી.

પ્રાંતિજ ખાતે કાર્યરત એકલવ્ય ફાઉન્ડેશનના ડાયરેક્ટર હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ તથા પ્રાંતિજ નગરપાલિકાના વોર્ડ નંબર-૪ ના આકાશભાઈ પટેલને ટેમ્પરેચર ગન સુપરત કરી હતી. આ પ્રસંગે નગરપાલિકાના બાંધકામ સમિતિના ચેરમેન અરવિંદભાઈ પરમાર, આરોગ્ય સમિતિના ચેરમેન મહેબુબભાઈ બલોચ, વિજયભાઈ પટેલ, ધુળાભાઈ વણઝારા, મહેશભાઈ સહિત ઉપસ્થિત રહ્યા હતા.



ગુજરાત સરકાર દ્વારા ૨૦૧૦ પછીના પ્રાથમિક શિક્ષકોને ઉચ્ચતર પગાર ધોરણ ૪૨૦૦ ગ્રેડ પે ઘટાડીને ૨૮૦૦ કરવામાં આવ્યો હતો. રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા તેમજ મહામંત્રી સતિષભાઈ પટેલ દ્વારા સરકાર સાથે ૪૨૦૦ ગ્રેડ પે બાબતે વારંવાર રજૂઆતો તેમજ અવારનવાર બેઠકો કરીને હકારાત્મક પરીણામ મેળવી ૪૨૦૦ ગ્રેડ પે યથાવત રહેતા અરવલ્લી જીલ્લા ટીચર્સ મંડળીના પ્રમુખ આશિષકુમાર એ. પટેલ, જીલ્લા ટીચર્સ મંડળીના મંત્રી. કમલેશ કે. પટેલ તેમજ શિક્ષકો દ્વારા મીઠાઈ ખાઈને ખુશી વ્યક્ત કરી સરકારનો આભાર માન્યો હતો.



**બાયડના કન્ટેન્મેન્ટ તાલુકામાં હેલ્થ ઓફિસર દ્વારા સઘન ચેકિંગ**

બાયડ તાલુકા બ્લોક હેલ્થ ઓફિસર ધર્મેન્દ્રભાઈ પરમાર તથા તેમની ટીમે આજરોજ કન્ટેન્મેન્ટ ઝોનની મુલાકાત લઈ તમામ જગ્યાએ ચેકિંગ હાથ ધરી હતી. બાયડ તાલુકાના ગામે કોરોનાના બે કેસ આવતા ગામમાં ભયનો માહોલ ઉભો થયો હતો. આંબલીયારા ગામે પટેલ વાસ તથા દરબારગઢ વિસ્તારમાં બંને પુરુષોને કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા આરોગ્ય વિભાગ દ્વારા તપાસો શરૂ કરવામાં આવી હતી. પંચાયત દ્વારા પણ ગામમાં સેનેટાઈઝર કરવામાં આવ્યું હતું અગાઉ પણ આંબલીયારા ગામે કોનાના કેસો સામે આવ્યા હતા. તાલુકામાં કોરોના વાયરસના કેસ સતત વધતા આરોગ્ય વિભાગ પણ હરકતમાં આવી તપાસ શરૂ કરી હતી.

## દશામાના વ્રતનો આજથી પ્રારંભ કોરોનાના લઈને ઉત્સાહમાં ઉણપ

દશા સુધારતા દશામાંના વ્રતનો આજથી પ્રારંભ થયો ત્યારે બાયડમાં છેલ્લા કેટલાક વર્ષોથી દશામાંના વ્રતના ખૂબ મોટા પાયે ધામધૂમપૂર્વક શ્રધ્ધાભેર ઉજવણી કરવામાં આવે છે. દશામાંના વ્રત પૂર્વે બાયડના બજારમાં મૂર્તિઓની દુકાનો ઠેર જોવા મળે છે, જોકે આ વખતે કોરોનાનો કહેર હોવાથી દુકાનદારો પણ સુરક્ષાની પુરતી વ્યવસ્થા સાથે મૂર્તિઓનું વેચાણ કરી રહ્યા છે અને મૂર્તિઓનું વેચાણ કરતી વખતે સોશિયલ ડિસ્ટન્સ જળવાઈ અને ભીડ ન થાય તેની પણ કાળજી લેવામાં આવે છે. રૂપિયા ૨૦૦થી ૫૦૦ રૂપિયા તેમજ ૨૦૦૦ રૂપિયા સુધીની મૂર્તિઓનું વેચાણ થઈ રહ્યું છે. આ વર્ષે મૂર્તિના ભાવમાં ૧૦ થી ૧૫ ટકા જેટલો વધારો જોવા મળી રહ્યો છે તેમ છતાં ભક્તો ઉત્સાહભેર અને હર્ષોલ્લાસ સાથે માતાજીની મૂર્તિ લઈ જાય છે.

વ્યાપારી અશોકભાઈ વાઘેલાના જણાવ્યા પ્રમાણે આ વર્ષે બજારમાં જોઈએ તેટલો ઉત્સાહ ભક્તોમાં જોવા મળતો નથી. મૂર્તિ અન્ય જિલ્લાઓમાંથી મૂર્તિકારો દ્વારા બનાવવામાં આવે છે તે મૂર્તિ મૂર્તિકારો કોરોના સંક્રમિત હોય તો મૂર્તિ ખરીદનાર વેપારીઓ પણ કોરોના સંક્રમિત ન થાય તે માટે



લોકોની અને વેપારીઓની સુરક્ષાના ભાગરૂપે અન્ય જિલ્લાઓમાંથી આવતી મૂર્તિઓને શેનેસેટેટાઈઝ કરી ટેમ્પોમાંથી ઉતારી વેચાણ અર્થે મૂકવામાં આવે છે જેથી મૂર્તિ લેનાર સંક્રમિત થાય નહી અને લોકોનો ઉત્સાહ જળવાઈ રહે. દશામાની મૂર્તિઓ ખરીદી ઉત્સાહભેર શ્રદ્ધાળુઓ દશામાના વ્રતની ઉજવણી દરમિયાન કોરોનાનું વૈશ્વિક સંકટ ટળી જાય તેવી પ્રાર્થના સાથે ઉજવણી કરવાનું જણાવી રહ્યા છીએ. કોરોના સંક્રમણ છતાં પણ દશામાના વ્રતની ઉજવણીનો ઉત્સાહ લોકોમાં જોવા મળી રહ્યો છે જે ભારતીય સંસ્કૃતિની આગવી ઓળખ કહી શકાય ત્યારે તંત્ર પણ તેના વિસર્જન માટે વૈકલ્પિક વ્યવસ્થા કરે તે પણ જરૂરી છે.



## મોડાસા ભાવસાર સમાજનું ગૌરવ

મોડાસા, તા. ૨૦

મોડાસાના ભાવિનકુમાર ચીમનલાલ ભાવસાર (ચેરમેન-શ્રી હિંગળાજ ક્રેડિટ સોસાયટી) અને મનીષાબેન ભાવસારના સુપુત્ર ચિ. આર્યન ભાવસારે સીબીએસઈ દ્વારા માર્ચ-૨૦૨૦માં લેવાયેલ ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં ૪૪૨/૫૦૦ (૮૮.૪૦ ટકા) ગુણ મેળવી કુટુંબ તેમજ શ્રી મોડાસા પ્રદેશ ભાવસાર સમાજનું ગૌરવ વધારેલ છે તે બદલ સમાજના પ્રમુખ તેમજ જ્ઞાતિજનોએ અભિનંદન પાઠવ્યા હતા.

## ડીસા બનાસ નદીના બ્રિજ ઉપર કારની ટકકરથી બાઈકચાલકને ઈજા

ડીસા, તા. ૨૦

ડીસા બનાસ નદી ઉપર તેમજ શહેરમાં બે જુદા જુદા અકસ્માતમાં બાઈક ચાલકોને ઈજાઓ પહોંચી હતી. આ અંગે ડીસા શહેર ઉત્તર અને ડીસા તાલુકા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ડીસા શહેરની ડાયમંડ સોસાયટીમાં રહેતાં લાખાભાઈ કેશરાજી પટેલ શનિવારે બપોરે બારેક વાગ્યાના સુમારે પોતાના જીજે-૦૮-સીબી-૨૪૩૮ નંબરના જુના બસ સ્ટેશન નજીક આવેલા સંતોષી માતાજીના મંદિર આગળથી પસાર થઈ રહ્યાં હતાં. જે દરમિયાન પાછળથી પૂરઝડપે આવી રહેલી સફેદ કલરની બોલેરોના ચાલકે મોટર સાયકલને ટક્કર મારતાં લાખાભાઈ નીચે પટકાતા શરીરના ભાગે નાની મોટી ઈજાઓ પહોંચી હતી. આથી ડીસા ઉત્તર પોલીસ મથકે અજાણ્યા બોલેરો ચાલક સામે ફરીયાદ નોધાઈ છે.